**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૩ ટકા

## આઈ લવ માય ગાંધીનગર



**સુરેશ રામજીભાઈ દેસાઈ**

**ગાંધીનગર ગમે**

મનોહર વાતાવરણ, લીલોતરી, ઓછો ટ્રાફિક અને આયોજનપૂર્વકની ગોઠવણને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંના લોકો શાંત સ્વભાવના છે. દેશના બધા લોકોનો અહીં મેળાવડો જામ્યો હોય એવું પ્રતીત થાય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

ગુડાનો સાઈકલ શૅરીંગ પ્રૉજેક્ટ ખૂબ ગમ્યો, જુસિકાની સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત છું ને અંતિમધામને ફરવાના સ્થળમાં તબદિલ કરાયું તે પણ ખૂબ ગમ્યું.

**નગરને બહેતર બનાવવા**

રેલવેની સુવિધા વધારવામાં આવે ને ટ્રેનોની સંખ્યામાં વધારો થાય તે જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

વિશ્વના સૌથી હરિયાળા પાટનગર તરીકેની શહેરની ઓળખ પુનઃ પ્રસ્થાપિત કરવા માટે વૃક્ષારોપણ, માવજત માટે સેવા આપવા હું તૈયાર છું.

# સત્યાગ્રહ છાવણી ખાતે ૬૦૦થી વધુ આરએનટીસીપી કર્મચારીઓના ધરણા



તાજેતરમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રીએ રાજયના ૨૭ હજાર જેટલા કરારબધ્ધ કર્મચારીઓને કાયમી કરવાની જાહેરાત કરી હતી. આ સંદર્ભે ગુજરાતમાં આરએનટીસીપીના કરારબધ્ધ કર્મચારીઓ લાભાન્વિત થતા હોવાથી તેમણે સરકારને અભિનંદન પાઠવવા સાથે સરકારના આ નિર્ણયનો ઉચ્ચ અધિકારીઓ દ્વારા અમલ કરવામાં કરાતા ઠાગા ઠૈયાં બાબતે વિરોધ પ્રગટ કર્યો છે. સોમવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન ગુજરાત આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારી સંઘ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે આયોજિત ધરણા પ્રદર્શન કાર્યક્રમમાં રાજયભરના ૬૦૦થી વધુ આરએનટીસીપી કર્મીઓએ આ બાબતે દેખાવો યોજી આરોગ્ય કમિશનર તથા આરોગ્ય વિભાગના અધિક નિયામકને આવેદન પત્ર સુપરત કર્યું હતું. બપોર બાદ આ કર્ચમારી સંઘે અહીં બેઠક યોજી તેમની વિવિધ માંગણીઓ અંગે ચર્ચા વિચારણા કરી તે માટે છેવટ સુધી લડત આપવાનો નિર્ધાર કર્યો હતો. કર્મચારી સંઘે તેમના આવેદનપત્રની નકલ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી તથા આરોગ્ય સચિવને પણ રવાના કરી હતી.

## @ગાંધીનગર

● જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે ૫.૩૦ કલાકે મહિલાઓ માટે લીલા શાકભાજીના ફરસાણની વાનગી સ્પર્ધા યોજાશે.

● ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિ.ના ઓડીટોરીયમ ખાતે સવારે ૧૦ કલાકે સાયબર સુરક્ષા ડેની ઉજવણી કરવામાં આવશે.

● શ્રીમદ ભાગવત કથા સે-૨૬ ગ્રીન સીટી હનુમાનજી મંદિર ખાતે શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે બપોરે ૨ થી ૫ દરમિયાન યોજાશે. જે તા. ૧૨મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

● બજેટ ૨૦૧૭ અંતર્ગત વિઝન અને વોટ પર વ્યાખ્યાન સાંજે ૬ થી ૮ કલાકે સે-૧૭ ખાતે આવેલ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં યોજાશે.

# સેકટર-૭-ડીના વસાહતીઓ ચોરીનો ઉપદ્રવ નાથવા સીસીટીવી નંખાવશે

ગાંધીનગર, તા.૬

સેકટર-૭-ડીમાં દોઢ મહિનાથી ચોરીનો ઉપદ્રવ વધી ગયેલ છે. ચોરી પકડાતી નથી. રાત્રિ દરમિયાન પોલીસ બંદોબસ્ત વધેલ છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ચોરીઓના નિષ્ફળ બનાવ પણ બનેલ છે. આ અંગે સેકટર-૭-ડીની ગાંધીનગર શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ બંને સંસ્થાઓ વતી પ્રતિનિધિ મંડળ પોલીસ વડાને મળેલ હતું. જેમાં સીસીટીવી કેમેરા લગાડવાનું ચર્ચાયું હતું.

જેના અનુસંધાને બંને સંસ્થાના નેજા હેઠળ જયંતભાઈ જી. ભટ્ટના પ્રમુખસ્થાને એક મટીંગ રાખવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે સીસીટીવી કેમેરા લગાવવા માટે સંમતિ આપવામાં આવી હતી. સીસીટીવી કેમેરા કયાં કયાં નાખવા, કેટલા કેમેરાની જરૂરિયાત, કેટલો અંદાજિત ખર્ચ થાય, નિભાવ ખર્ચ અંગે એક સમિતિ રચવામાં આવેલ છે. જેમાં જીજ્ઞેશભાઈ જોષી, નટુભાઈ લાડાણી, અજીતભાઈ પુજારા, ભૂપતભાઈ ભૂતડીયા, પ્રફુલ્લભાઈ પટેલ, પ્રકાશભાઈ મસંદ, મધુભાઈ દવે, શાંતિભાઈ ચૌહાણનો સમાવેશ કરવામાં આવેલ છે.

દરેક મકાન માલિકે ફજીયાત આ ખર્ચ ભાગ પેટે નિયમ પ્રમાણે આપવાનો થશે તેમ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ છે. વધુ જાણકારી માટે ભૂપતભાઈ ભૂતડીયા મો. ૯૮૨૪૩૮૨૬૫૦, જીજ્ઞેશભાઈ જોષી ૨૩૨૩૨૩૩૨, નટુભાઈ લાડાણી-૨૩૨૨૭૮૩૦ ઉપર સંપર્ક સાધી શકાશે.

મિટીંગમાં રમેશભાઈ જોષી, ચંદ્રવદન મોદી, સુમંતભાઈ શાહ, સંજયભાઈ ઠકકર, રણજીતભાઈ દેસાઈ, મધુકરભાઈ પરમાર, કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર સહિત મોટી સંખ્યામાં વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પેરાઓલમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ દેવેન્દ્ર ઝાઝરિયાએ ગરીબોને ભોજન પીરસ્યું



ગાંધીનગરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા 'ફુડ ફોર એવરીવન' નામથી શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને અવારનવાર નિઃશુલ્ક ભોજન સેવા પુરી પાડવામાં આવે છે. ગઈ કાલે આ સંસ્થા દ્વારા આયોજિત ભોજન સેવામાં રિઓ પેરાઓલમ્પિકમાં ભાલા ફેંકમાં બબ્બે સુવર્ણચંદ્રક સાથે નવો રેકોર્ડ નોંધાવી ઈતિહાસ સર્જનારા દિવ્યાંગ એથ્લેટ દેવેન્દ્ર ઝાઝરિયા તથા પીકયુઆરએ સ્વીમીંગમાં એશિયન મેડાલીસ્ટ તથા અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી પ્રસનતા કર્માકર પણ જોડાયા હતા. તેઓ આ યુવાનોની સેવા પ્રવૃત્તિથી અભિભૂત થયા હતા અને તમામ સ્વયંસેવકોને તેમણે અભિનંદન પાઠવી બિરદાવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર સાઈના હેન્ડબોલના નેશનલ કોચ શશિમોહન ધુમાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વમાં ભારતનું નામ રોશન કરનારા ખેલવીરોની ઉપસ્થિતિથી 'ફુડ ફોર એવરીવન' ગૃપના યુવા સ્વયંસેવકોએ રોમાંચિત થવા સાથે ગૌરવની લાગણી અનુભવી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં વસંતઋતુમાં પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા સંસ્કૃતિ કુંજ ખાતે યોજાતો 'વસંતોત્સવ' પાટનગરની ઓળખ સમાન ગણાય છે. આ વર્ષે વસંતોત્સવ તા. ૨૭મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે.

● શહેરની જાણીતી કલ્પતરુ પાવર કંપનીના કમલ જૈન તથા તેમના મિત્ર પરિવારો દ્વારા મહુડી જૈન તિર્થની પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રા તા. ૧૮મી ફેબ્રુઆરીએ પેથાપુરના કૈલાશ ધામ વૃધ્ધાશ્રમથી સવારે ૪.૦૦ કલાકે પ્રારંભ થઈ તા. ૧૯મીએ સવારે મહુડી પહોંચશે.

● ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.ડી. ડામોરે વડોદરા ખાતે ચિક્કાર પીધેલી હાલતમાં અસ્માત સર્જ્યો હતો. અકસ્માતના કારણે એકઠી થયેલ જનમેદનીએ આ 'દબંગ દરોગા'ને બરાબર મેથીપાક ચખાડયો હતો.

● ગાંધીનગર ખાતે આગામી તા. ૫મી માર્ચે બ્રહ્માકુમારીઝના બીકે શિવાનીદીદી પધારી રહ્યા છે. બીકે શિવાનીદીદી એક અદભૂત વકતા તરીકે ખૂબ ખ્યાતિ ધરાવે છે જેમને સાંભળવા શહેરના જ્ઞાનરસિક શ્રોતાજનો લાંબા સમયથી આતુર છે.

# મહિલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર ક્રિનલ જાનીનું કર્ણાટકમાં વકતવ્ય

## ખાણ ખનિજ વિભાગમાં નાયબ સેકસન ઓફિસર તરીકે ફરજ બજાવતા ક્રિનલ જાનીને દોરાજી હમ્પી રીંછ અભ્યારણમાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના બર્ડ ફેસ્ટિવલમાં આમંત્રિત કરાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની પ્રાકૃતિક સુંદરતા અને વૈવિધ્યપૂર્ણ વન્યજીવોનો નિવાસ અહીં રહેતા કે બહારથી આવતા મુલાકાતીઓ દરેકનું મન મોહી લે છે. આ મનમોહક શહેરમાં અનેક યુવાનોને પ્રકૃતિ સાથે પ્રેમ થઈ જવા પામ્યો છે. જેના કારણે શહેરના યુવા વર્ગમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી, બર્ડ વોચીંગ, સ્નેક લવીંગ જેવી અનેક પ્રવૃત્તિઓ ખૂબ લોકપ્રિય છે. આ યુવાઓમાં મહિલા પ્રકૃતિ પ્રેમીઓ પણ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી રહ્યા છે. તાજેતરમાં જ ગાંધીનગરના એક યુવા મહિલા અધિકારી જેઓ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે જાણીતા છે તેમને કર્ણાટકના દારોજી હમ્પી રીંછ અભ્યારણ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના ત્રિદિવસીય બર્ડ ફેસ્ટિવલમાં તજજ્ઞ તરીકે આમંત્રિત કરાયા હતા જે શહેર માટે ગૌરવપ્રદ ઘટના છે.



ગુજરાત રાજયના ખાણ ખનિજ વિભાગમાં નાયબ સેકસન અધિકારી તરીકે ફરજ બજાવતા ક્રિનલ જાની એક વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર તથા બર્ડ વોચર પણ છે. તાજેતરમાં કર્ણાટકના દારોજી હમ્પી રીંછ અભ્યારણ ખાતે ત્યાંની રાજય સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો ત્રિ દિવસીય બર્ડ ફેસ્ટિવલ આયોજિત કરાયો હતો. જેમાં દેશભરમાંથી જાણીતા પક્ષી વિદ્દ, ફોટોગ્રાફર્સ, સંશોધનકર્તાઓ તેમજ પ્રકૃતિ શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા અભ્યાસુઓ, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. આ બર્ડ ફેસ્ટિવલમાં ઈએફએસ અધિકારી વિજય મોહનરાજ તેમજ ઓનરરી પાર્ક વોર્ડન ડૉ. એસ.કે. અરૂન સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ફેસ્ટિવલમાં આયોજકો દ્વારા ગાંધીનગરના મહિલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર ક્રિનલ જાનીને તજજ્ઞ તરીકે નિમંત્ર્યા હતા. ક્રિનલ જાની આ ફેસ્ટિવલમાં 'ફોટોગ્રાફી બાય વુમન ઈન ઈન્ડિયા : ઓપોર્ચ્યુનીટીઝ એન્ડ ચેલેન્જિઝ' વિષયે વકતવ્ય આપ્યું હતું. ગાંધીનગર જેવા શહેરના મહિલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફરને રાષ્ટ્રીય કક્ષાના ઉત્સવમાં તજજ્ઞ તરીકે બોલાવાય તે શહેર માટે ગૌરવની ઘટના છે. શહેરના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ, બર્ડ વોચર્સ તથા અન્ય પ્રકૃતિ પ્રેમીઓ સાથે સચિવાલયના સહકર્મીઓ દ્વારા ક્રિનલ જાનીને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તા. ૮મી માર્ચે ગૌરવ પુરસ્કાર અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૩ના શ્રેષ્ઠ પુસ્તકોને તેમજ સિંધી ભાષાના વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ના શ્રેષ્ઠ પુસ્તકોને તથા વર્ષ ૨૦૧૦થી ૨૦૧૫ના ગૌરવ પુરસ્કાર તા. ૮મી માર્ચના રોજ અર્પણ કરવામાં આવશે, એમ ગુજરાત સાહિત્ય અકાદમીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ૮મી માર્ચ, ૨૦૧૭ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજયમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, મહિલા બાળવિકાસ રાજ્યમંત્રી શ્રી નિર્મલા વાધવાણી તથા અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જહા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

# સરગાસણ નજીકની સોસાયટીમાં દિકરાનો માતા પર હુમલો

## દારૂ પીવા માટે માંગેલા રૂપિયા આપવાનો માતાએ ઈન્કાર કરતાં દિકરાએ હુમલો કર્યો : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૬

શહેરને અડીને આવેલા સરગાસણ ખાતેની સૌંદર્ય ૪૪૪ ફલેટની સ્કીમમાં ગઈ કાલે વિચિત્ર ઘટના બની હતી. સેકટર-૪માં અલગ રહેતો દિકરો માતાને ઘરે સૌંદર્ય ફલેટમાં ગયો અને દારૂ પીવા માટે રૂપિયા માંગ્યા હતા. રૂપિયા આપવાનો ઈન્કાર કરતા દિકરાએ માતા પર હુમલો કર્યો હતો. બાઈકની ચાવી માથામાં મારી માતાને ઘાયલ કરીને દિકરો ફરાર થઈ ગયો હતો. આ મામલે માતાની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરી દિકરાની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ સેકટર-૪-બી ખાતે રહેતો યુવાન અમિત ભરતભાઈ મહેતા તેના માતા-પિતાથી અલગ રહે છે. નિવૃત્ત માતા-પિતા સૌંદર્ય ૪૪૪ ફલેટ સરગાસણ ખાતે રહે છે. ગઈ કાલે અમિત સરગાસણ ખાતે માતાના ઘરે પહોંચી ગયો હતો. દરવાજો ખોલવાનું કહેતા માતા પ્રજ્ઞાબેને દરવાજો ખોલ્યો નહીં એટલે લાતો મારીને દરવાજો તોડી મકાનમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ દારૂ પીવા માટે માતા પાસે રૂપિયા માંગતા માતાએ સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. દિકરાને લાગી આવતા તેણે બાઈકની ચાવી માતાના માથે મારીને હુમલો કરી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘાયલ માતાએ હોસ્પિટલમાં સારવાર લઈ ફરિયાદ આપતા પોલીસે દિકરા સામે આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૪૨૭ અને જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી એએસઆઈ પ્રવિણસિંહે વધુ તપાસ શરુ કરી છે.

# ઠંડી-ગરમીની બેવડી ઋતુથી વ્યાપક બિમારી

## દિવસ લાંબો અને રાત્રી ટુંકી એ ઉનાળાના બારણે ટકોરા, પર્વતીય વિસ્તારોમાં હીમવર્ષાથી ઠંડીનો ચમકારો : લોકો અસમંજસ સ્થિતિમાં

ગાંધીનગર, તા.૬

શહેરમાં બે દિવસ પહેલાં ગરમીનો અનુભવ થતાં જ ઘેર ઘેર પંખા, એસી, કુલર વગેરે કાર્યરત થઈ ગયા હતા. જે પછી આજે અચાનક જ ઠંડીનું તીવ્ર મોજું ફરી વળતા લોકો ફરી પાછા ગરમાવો મેળવવા પ્રયત્નશીલ બન્યા હતા. આમ ઠંડી ગરમીના બેવડા અનુભવથી લોકો બિમારીનો ભોગ બની રહ્યા છે. રોગપ્રતિકારક શકિતના અભાવે ઠંડી-ગરમીના આક્રમણથી શરદી, ખાંસી અને તાવ જેવા રોગોએ માથું ઉંચકયું છે જેમાં ઉનાળાના ધીમા પગલે આગમનનાં અહેસાસમાં દિવસ લાંબો અને રાત્રી ટુંકી થતી જાય છે. દરમિયાન પર્વતીય વિસ્તારોમાં થતી બરફવર્ષાથી બર્ફીલા પવનોથી વાતાવરણ ઠંડુ બની જતાં ઠંડી ગરમીનો બદલાવ સતત થયા કરે છે જેથી લોકોમાં અસમંજસ સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં પલટાતાં વાતાવરણથી બિમારીએ માઝા મુકી છે. હાલ શરદી, ખાંસી, તાવ જેવા રોગો હાવી બન્યા છે. વધુમાં ખાધા ખોરાકી ઉપર સીધી અસર વર્તાતા લોકો ઉલટી અને પેટમાં દુઃખાવાની ફરિયાદો લઈ દવાખાનાના ચકકર મારી રહ્યા છે. બે દિવસથી ગરમી અનુભવતા લોકોએ ઘર-ઓફિસ



અને વ્યવસાયના સ્થળોએ એસી-પંખા અને કુલરનો સહારો મેળવવાનું શરુ કરી દીધું હતું. પરંતુ અચાનક જ રવિવાર સમી સાંજથી ઠંડીના તીવ્ર મોજાએ લોકોને સ્વેટર, હીટર અને ગરમાવો મેળવવા મજબુર કરી દીધા હતા. આમ સતત પલટાતા વાતાવરણ વચ્ચે રોગપ્રતિકારક શકિત ઓછી હોય તે લોકો બિમારીના ખપ્પરમાં હોમાઈ ગયા છે.

શિયાળામાં ગરમ પદાર્થોનું ભરપુર સેવન કરતા લોકો બે દિવસની ગરમીમાં ઠંડા પદાર્થો તરફ વળી ગયા હતા જેથી શરીરમાં પણ સમતોલ આહારનું પ્રમાણ ન જળવાતા ઉલટી અને પેટમાં દુઃખાવા જવી ફરિયાદો વધી ગઈ છે. દરમિયાન છેલ્લા ૧૦ દિવસથી દિવસ લાંબો અને રાત્રી ટુંકી થતી જાય છે જે ઉનાળાના બારણે ટકોરા સમાન બન્યું છે. પરંતુ પર્વતીય વિસ્તારોમાં થતી હિમવર્ષા અને તે કારણે દેશભરમાં ફરી વળતાં બર્ફીલા પવનો વાતાવરણને ઠંડુ કરી નાંખતા ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આ સ્થિતિમાં લોકો ખાણી-પીણી અને પહેરવેશ અંગે નિર્ણય કરી શકતા નથી. જો કે તબીબોની સલાહ મુજબ ડહોળાયેલા વાતાવરણમાં હરહંમેશ હળવો ખોરાક અને હુંફાળા પાણીનો ઉપયોગ કરવો જોઈએ તેવું જણાવી રહ્યા છે અને બિમારી અંગે તાત્કાલીક નજીકના દવાખાનાનો સંપર્ક કરવો હિતાવહ હોવાનું જણાવી રહ્યા છે.




ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ દ્વારા ઓપન ડ્રોઈંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ વિદ્યાલયના ૨૫૦ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. ડીપીએસ ગાંધીનગરની દિવ્યાંગ છાત્રા કુમારી આયુષી વોરાએ ઓપન કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને શાળા તથા તેના પરિવારનું ગૌરવ વધાર્યું છે.

## ચિરવિદાય

- સ્વ. વિણાબેન લીલાધરભાઈ ઠકકર, ઉ.વ. ૭૦
- સ્વ. કમુબેન આતાજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. કમલાબેન વસંતભાઈ કોટક, ઉ.વ. ૭૫
- સ્વ. ભાનુબેન કુમુદચંદ ભાવસાર, ઉ.વ. ૭૨
- સ્વ. વજાજી લેબાજી ઠાકોર, ઉ.વ. ૭૦